ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૨૨/૦૮/૨૦૧૪ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૨/૦૮/૨૦૧૪ |
|---|---|---|
| ૧. | ડૉ. એમ. એન. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડૉ. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | ડૉ. શાહ ભરત જે. | હાજર |
| ૧૩. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૪. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૧૫. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૬. | ડૉ. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | હાજર |
| ૧૭. | ડૉ. મહિતપસિંહ ચાવડા | હાજર |
| ૧૮. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | હાજર |
| ૧૯. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૦. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૧. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૨. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |
| ૨૩. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૨૫. | ડૉ. મહેશભાઇ પટેલ | હાજર |
| ૨૬. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં સરકારશ્રીએ અમેરિકા જનાર ડેલીગેશનમાં માન. કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલનો સમાવેશ કરેલ છે, જે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે અને તે બદલ તમામ સભ્યશ્રીઓએ માન.કુલપતિશ્રીને હાર્દિક અભિનંદન આપ્યા હતા. માન. કુલપતિશ્રીના અમેરિકા પ્રવાસના આ સમયગાળા દરમ્યાન કુલપતિશ્રી કાર્યાલયનો ચાર્જ કોમર્સ ફેકલ્ટીના ડીનશ્રી ડો. એન. ડી. શાહ સંભાળનાર હોઇ સભ્યશ્રીઓએ તેમને પણ અભિનંદન આપ્યા હતા.

આ ઉપરાંત, યુનિવર્સિટીના કુલસચિવ તરીકે કાર્યભાર સંભાળનાર ડો. એચ. સી. પટેલને પણ સભ્યશ્રીઓએ અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

બા.ક્ર.૧ તા.૦૧-૦૬-૨૦૧૪ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ: **તા. ૦૧/૦૬/૨૦૧૪નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજુર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

એકિઝકયુટિવ કાઉન્સિલની કાર્યવાહી નોંધના પ્રથમ પાને પહેલી લીટીમાં "એકિઝકયુટિવ કાઉન્સિલની અસાધારણ સભા" ને બદલે "એકિઝકયુટિવ કાઉન્સિલની સભા" એમ સુધારીને વાંચવું.

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) એરોમા કોમર્સ કોલેજ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧) પ્રિ.ડૉ.ગોપાલભાઇ ભટ્ટ (૨)શ્રી શાહનવાઝ એ.શેખ (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૨) ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ, પદમશ્રી કે.કા.શાસ્ત્રી સંકુલ, ખોખરા રોડ, મણિનગર(પૂર્વ) અમદાવાદ-૮ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું M.Sc.Part-II (Env.Sci.)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.હિમાન્શુભાઇ પંડયા (૨)ડૉ.અશ્વિનભાઇ પટેલ (૩)ડૉ.ઉત્પલભાઇ જોષી

૨(૩) ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ, ખોખરા રોડ, મણીનગર, અમદાવાદ-૮ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી પ્રથમ વર્ષ બી.એસસી.માં હેલ્થ એન્ડ હાયજીનનો નવો વધારાનો વિષય શરૂ કરવા માટેનું જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.હિમાંશુભાઇ પંડયા (૨)શ્રી ધ્રુમિલભાઇ પટેલ (૩)ડૉ.કે.એચ.ચિખલિયા

૨(૪) શ્રી ગાયત્રી કોલેજ ઓફ એજયુકેશન, પાયલનગર પાસે, મ્યુનિ.ગાર્ડનની સામે, નરોડા, અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)પ્રિ.ડૉ.મયૂરભાઇ બાંભા (૩)પ્રિ.ડૉ.હરિશભાઇ વાઢેલ

૨(૫) આઇ.ડી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ.કોલેજ), આર.સી.ટેકનિકલ રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.મયૂરભાઇ બાંભા (૨)ડૉ.હર્ષદભાઇ પટેલ (૩)ડૉ.અશ્વિનભાઇ પટેલ

૨(૬) કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી, ૯૦૭/એ, ઉવારસદ, જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.ડી.એસ. અને એમ.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.પંકજભાઇ પટેલ (૨)ડૉ.નીતાબેન ભાવસાર (૩)ડૉ.પંકજભાઇ ઠાકર (૪)શ્રી ગિરીશભાઇ ચૌધરી

૨(૭) જી.વી.એમ.નર્સિંગ કોલેજ, મુ.અણિયાદ, તા.શહેરા, જી.પંચમહાલની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ,દ્વિતીય,તૃતીય અને ચતુર્થ વર્ષ બી.એસસી.(નર્સિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ભરતભાઇ શાહ (૨)ડૉ.કલ્પેશભાઇ શાહ (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૮) બી.જે.કટારા કોલેજ ઓફ એજ્યુકેશન, મુ.સુખસર, તા.ફતેપુરા, જી.દાહોદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ધવલભાઇ પટેલ (૨)પ્રિ.ડૉ.એસ.એન.ઐયર (૩)ડૉ.જગદીશભાઇ જોષી.

૨(૯) શશીકલા અને ધનસુખલાલ દાદરવાલા કોલેજ ઓફ નર્સિંગ, અર્બન હોસ્પિટલ કેમ્પસ, રળિયાતી, દાહોદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પોસ્ટ બેઝિક બી.એસસી.નર્સિંગનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ભારતીબેન સનાડિયા (૨)ડૉ.ઇન્દ્રવિજયસિંહ ગોહિલ (૩)ડૉ.મિતેશભાઇ પટેલ

૨(૧૦) સેન્ટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી સ્વનિર્ભર ધોરણે પ્રથમ વર્ષ બી.એસસી.માં ૬૦ સીટ સાથેનો બાયોટેકનોલોજી વિષયનો એક વર્ગ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.નીશાબેન શાહ (૨)ડૉ.હિમાંશુભાઇ પંડયા (૩)શ્રી ધ્રુમિલભાઇ પટેલ (૪)ડૉ.હિતેશભાઇ સોલંકી

૨(૧૧) રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા સ્વનિર્ભર ધોરણે શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી બેચલર ઓફ ફિઝીયોથેરાપી (BPT)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે સર્વોદય કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, મટવા કુવા પાસે, મુ.કલોલ (જી.ગાંધીનગર)ને મંજૂરી (NOC) આપવામાં આવેલ હોઇ, જોડાણ મેળવવા માટે ટ્રસ્ટીની આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.અંજલીબેન ભીસે (૨)ડૉ.ભાવનાબેન ગઢવી (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૧૨) કાઉન્સિલ ઓફ આર્કિટેકચર, નવી દિલ્હી દ્વારા સ્વનિર્ભર ધોરણે શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી પાંચ વર્ષનો સ્નાતક કક્ષાનો પૂર્ણ કાલિન બેચલર ઓફ આર્કિટેકચર (B.Archi.)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે ઉમિયા માતા કડવા પાટીદાર એજ્યુકેશન એન્ડ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત કલોલ ઇન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઇન, અમદાવાદ-કલોલ હાઇવે, મુ.કલોલ, જી.ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલી હોઇ, જોડાણ મેળવવા માટે ટ્રસ્ટીની આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.એસ.આર.દવે (૨)પ્રો.એ.ટી.મોતીયાણી (૩)ડૉ.હિમાંશુભાઇ પટેલ

૨(૧૩) બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી દ્વારા સ્વનિર્ભર ધોરણે શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ BBA, LL.B.(Hons)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે યુનાઇટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લો, કર્ણાવતી નોલેજ-વિલેજ, ૯૦૭/એ, ઉવારસદ, જી.ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ હોઇ, જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.કૌશિકભાઇ રાવલ (૨)પ્રિ.ડૉ.ગીતાબેન મહેતા (૩)પ્રિ.ડૉ.એલ.એસ.પાઠક (૪)પ્રિ.ડૉ.તૃષિકેશ મહેતા

૨(૧૪)યુનાઇટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લો, મુ.ઉવારસદ, જી.ગાંધીનગર દ્વારા પાંચ વર્ષના BBA,LL.B. કોર્સના નવા જોડાણ સંદર્ભે કોલેજે કરેલ ક્ષતિપૂર્તતાની ચકાસણી કરીને અહેવાલ મેળવવા માટે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.દિગ્વીજયસિંહ ગોહિલ (૨)શ્રી હિમાંશુભાઇ પટેલ (૩)શ્રી ધ્રુમિલભાઇ પટેલ

૨(૧૫)લોકમાન્ય કોલેજ ઓફ કોમર્સ, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફીટ રીંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)શ્રી કૌશિકભાઇ જૈન (૨)ડૉ.જશવંતભાઇ ઠકકર (૩)પ્રિ.ડૉ.સંગીતાબેન ધાટે

૨(૧૬) લોકમાન્ય કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફીટ રીંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.સી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)શ્રી કૌશિકભાઇ જૈન (૨)ડૉ.જશવંતભાઇ ઠકકર (૩)પ્રિ.ડૉ.સંગીતાબેન ધાટે

૨(૧૭) સ્કૂમ કોલેજ ઓફ નર્સિંગ, પ્લોટ નં-૭૦૯, ટી.વી.ટાવરની પાછળ, ડ્રાઇવ ઇન રોડ, અમદાવાદ-૫૪ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એસસી.(નર્સિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.કલ્પેશભાઇ શાહ (૨)પ્રિ.ડૉ.ભારતીબેન સનાડિયા (૩)ડૉ.ગિરીશભાઇ પરમાર

૨(૧૮) એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ, એલ.જી.હોસ્પિટલ કેમ્પસ, મણીનગર, અમદાવાદ-૮ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને પાંચમુ વર્ષ એમ.બી.બી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ભરતભાઇ શાહ (૨)ડૉ.પંકજભાઇ પટેલ (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૧૯)બિટસ ઇન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી, વડોદરા-મુંબઇ નેશનલ હાઇવે નં-૮, મુ.પો.વરણામા, જી.વડોદરાને રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી સ્વનિર્ભર ધોરણે ૪૦ સીટો સાથેનો બેચલર ઓફ ફિઝીયોથેરાપી (BPT)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે મંજૂરી (NOC) આપવામાં આવેલ હોઇ, જોડાણ આપવા માટે ટ્રસ્ટીની આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.નીતાબેન વ્યાસ (૨)ડૉ.જીગ્નેશભાઇ ચૌહાણ (૩)શ્રી ગિરીશભાઇ ચૌધરી

૨(૨૦)એ.એમ.સી.મેટ ડેન્ટલ કોલેજ, ભાલકિયા મીલ કંપાઉન્ડ, ખોખરા, અમદાવાદ-૮ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ભરતભાઇ શાહ (૨)ડૉ.નીતાબેન ભાવસાર (૩)શ્રી કૌશિકભાઇ જૈન

૨(૨૧)શ્રી આર.પી.આર્ટસ, કે.બી.કોમર્સ અને શ્રીમતિ બી.સી.જે.સાયન્સ કોલેજ, મુ.ખંભાત, જી.આણંદની કોમર્સ વિદ્યાશાખાનો સમય સવારનો કરવા માટે પરવાનગી આપવા માટે આ

યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-M હેઠળ આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.એન.ડી.શાહ (૨)પ્રિ.ડૉ.વી.જી.વાઢેલ (૩)પ્રિ.ડૉ.વિમલભાઇ જોશી

૨(૨૨)જે.એન.પટેલ બી.એડ.કોલેજ, મુ.સાલાવાડા, જી.પંચમહાલની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫નું બી.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.ધવલભાઇ પટેલ (૨)પ્રિ.ડૉ.એસ.એન.ઐયર (૩)ડૉ.જગદીશભાઇ જોશી

૨(૨૩)ગુજરાત લો સોસાયટી સંચાલિત બી.ડી.આર્ટસ કોલેજ, લાલદરવાજા, અમદાવાદ-૧નો સમય જુન-૨૦૧૪થી સવારને બદલે બપોરનો કરવા માટે આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-M હેઠળ આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે વિનંતી ગ્રાહય રાખ્યાનું.

૨(૨૪)યુનિવર્સિટી કાર્યાલયમાં ખાલી પડેલ પરીક્ષા નિયામકની એક જગ્યા ભરવા માટેની વરણી સમિતિમાં નિયુકત કરેલ સભ્યશ્રીઓના નામો જાણ સારૂ. (તા.૧૨-૬-૧૪ની જાહેરાત સંદર્ભે)

૧:શ્રી નરહરીભાઇ અમીન

૨:પ્રિ.શ્રી પી.સી.ઉપાધ્યાય

૩:ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલ

૪:ડૉ.નીશા કે.શાહ

૫:ડૉ.કે.અમ.ચીખલીયા

૨(૨૫)વર્ષ ૨૦૧૪ની બેચના પી.જી.મેડિકલ પ્રવેશ અંગે પ્રશાંત જી.રબાડીયાએ ચેરમેનશ્રી પી.જી.મેડિકલ એડમિશન કમિટિ વિરૂધ્ધમાં નામ.હાઇકોર્ટમાં SCA No.૪૩૯૧/૨૦૧૪થી પીટીશન કરેલ તે અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું:

૨(૨૬) પી.જી.મેડીકલ પ્રવેશ પરીક્ષાના રિઝલ્ટ અંગે ડૉ.સકીલ વડાલીવાલા અને બીજાઓએ ગુજરાત યુનિવર્સિટી સામે નામ.હાઇકોર્ટમાં એસ.સી.એ.નં-૪૫૨૯થી પીટીશન કરેલ છે, તે અંગે યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૨૭) પી.જી.મેડીકલ વર્ષ ૨૦૧૪ની બેચમાં રીઝર્વેશન સીટ પર પ્રવેશ અંગે સ્નેહલકુમાર એસ.પટેલે નામ.ગુજ.હાઇકોર્ટમાં એસ.સી.એ.નં-૫૮૪૮થી ગુજરાત રાજય સામે પીટીશન કરેલ છે. યુનિવર્સિટીને ત્રીજા નંબરની પાર્ટી બનાવેલ હોઇ, યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું:

૨(૨૮) પી.જી.મેડીકલ વર્ષ ૨૦૧૩ની બેચમાં SEBC કેટેગરીમાં પ્રવેશ મેળવવા નોનક્રિમિલેયર સર્ટીફિકેટ ન મળતા ગુજરાત રાજય સામે SCA No.૪૭૦૧/૨૦૧૪થી પીટીશન કરેલ છે. તેમાં યુનિવર્સિટીને ૫ નંબરની પાર્ટી બનાવી છે. યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું:

૨(૨૯)પી.જી.મેડિકલ વર્ષ ૨૦૧૪ની બેચના પ્રવેશ અંગે Dr.Madalsa Basant Agrawal નામ.હાઇકોર્ટમાં SCA No.8250/2014થી ગુજરાત યુનિવર્સિટી સામે પીટીશન દાખલ કરી છે. યુનિવર્સિટીવતી એડવોકેટશ્રી રોકયાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું:

૨(૩૦) RTI ૨૦૦૫ અંતર્ગત વિધાર્થીઓને આપવામાં આવતી ઉત્તરવહીની નકલ આપવાના નિયમમાં 'પરીક્ષાનું પરીણામ જાહેર થયાના' બદલે 'પરીક્ષાનું મૂળ પરીણામ જાહેર થયાના' વાકયમાં સુધારો કર્યાનું.

૨(૩૧)યુનિવર્સિટી NRS હોલ ખાતે બનાવેલ ૪૦૦ નંગ કોમ્પ્યુટર લેબોરેટરીમાં ફીટ કરવામાં આવેલ વોલ્ટાસ લી. કંપનીનો ૧૭ x ૪ ટનનો સ્પીલ્ટ યુનિટ એરકંડીશન પ્લાન્ટ મે.વોલ્ટાસ લી.કંપની પાસેથી રીપેરીંગ કરાવવા માટે કુલ રૂા.૧,૬૫,૦૦૦/-નો ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૩૨) સેન્ટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯ને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીના તા.૧૯-૬-૨૦૧૪ના પત્રાક-F.22-1/2014 (AC)થી સ્વાયત કોલેજનો દરજ્જો (Conferment of Fresh Autonomous Status) શૈ.વર્ષ.૨૦૧૪-૧૫ થી ૨૦૧૯-૨૦૨૦ના છ (૬) વર્ષ માટે આપવામાં આવેલ છે, જેની નોંધ લઇને આનુષાંગિક પરિપત્ર કર્યાનું.

૨(૩૩)સમાજવિધા ભવનના પોલીટીકસ સાયન્સ વિભાગમાં વડા તેમજ એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડાં.સરમણ ઝાલા સામે અશ્લિલ પત્રો દ્વારા જાતિય સતામણીની ફરિયાદ સમાજવિધાભવનની મહિલા સ્ટાફ દ્વારા કરવામાં આવેલી તથા દૈનિક સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચારના સંદર્ભમાં ડાં.સરમણ ઝાલા સામે થયેલ સંગીન આક્ષેપો અત્યંત ગંભીર બાબત હોઇ અને તે યુનિવર્સિટીની પ્રતિષ્ઠા તેમજ ગરીમાને નુકશાન કરતા હોવાથી ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૧૧(૪) (a) અન્વયે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યાનું:

૨(૩૪)યુનિવર્સિટી દ્વારા યોજાયેલ માર્ચ/એપ્રિલ/મે/જુન-૨૦૧૪ રેગ્યુલર/એટીકેટી ત્થા સેમેસ્ટરની વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતાં પકડાયેલ વિધાર્થીઓના કેસો બાબતે નીચેની તારીખોએ મળેલ પરીક્ષા શુધ્ધિ સમિતિ મિટીંગોની ભલામણો મંજૂર કર્યાનું:

૧:રેગ્યુ/એટીકેટી ત્થા સેમેસ્ટરની પરીક્ષા શુધ્ધિ સમિતિની તા.૧૧-૬-૨૦૧૪

૨:સેમેસ્ટરની પરીક્ષા અંગેની શુધ્ધિ સમિતિની તા.૧૩-૭-૨૦૧૪

૨(૩૫)રાજય સરકારશ્રીના નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-બનસ/૦૨૦૧૩/જીઓઆઇ/૧૦/ચ, તા.૦૭-૦૭-૨૦૧૪ અનુસાર રાજય સરકારશ્રીના ચોથા વર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓના ધોરણે એડહોક બોનસ યુનિવર્સિટીના વર્ગ-૪ના કર્મચારીઓને આપવાનું જાણ સારૂ.

૨(૩૬)તા.૦૧-૦૧-૨૦૧૪થી પેન્શન-કુટુંબ પેન્શન મેળવતા કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાના ૧૦% લેખે દર (૯૦+૧૦) વધાર્યા અંગેના રાજય સરકારશ્રીના નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-HGV-1009-512(0-385/2014)p તા.19 April-2014ના ઠરાવનો સ્વીકાર કરી તેનો યુનિવર્સિટીમાંથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા કર્મચારીઓ માટે અમલ કર્યાનું.

ઠરાવ: **કુલપતિશ્રીએ મંજુર કરેલા ઉપરોકત ક્રમાંક ૨(૧) થી ૨(૩૬)સુધીના કાર્યોની નોંધ લેવામાં આવી.**

**આ ઉપરાંત, સભામાં યુનિવર્સિટીની પ્રતિષ્ઠા અને ગરિમાને હાનિ પહોંચાડતા આ કૃત્યને સર્વાનુમતે સખત શબ્દોમાં વખોડવામાં આવ્યું.**

**વધુમાં, બાબત ક્રમાંક : ૨(૩૩)ની બાબત પરત્વે થયેલ ફરિયાદના અનુસંધાનમાં નીમવામાં આવેલ સત્ય શોધક સમિતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો, જેનો સ્વીકાર કરીને ડો. સરમણ ઝાલાને સસ્પેન્ડ કર્યાના કુલપતિશ્રીએ લીધેલ નિર્ણયને બહાલી આપવામાં આવી અને ડો. સરમણ ઝાલાનું સસ્પેન્શન યથાવત જાળવી રાખીને આગળની કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું તેમજ આ ફરિયાદની બાબતમાં સમાજવિધ્યા ભવનના પોલીટીકલ સાયન્સ ડિપાર્ટમેન્ટના પ્રા. એમ. એચ. ખટિકની ભુમિકા જોતાં શ્રી ખટિક સામે પણ ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું.**

બા.ક્ર. ૩ મણીબેન હીરાલાલ અમીન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રેસિડન્ટ શ્રી નરહરિભાઇ અમીન (Sr.Executive Council Member) તરફથી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી M.Sc.પરીક્ષામાં Analytcal Chemistry વિષયમાં પ્રથમ આવનારને 'Late Smt.Maniben Hiralal Amin Medal' આપવા આવેલ દરખાસ્તને પ્રદાનની નીચે મુજબની શરતોને આધિન સ્વીકારવા અંગે.

શરતો

૧: 'Late Smt.Maniben Hiralal Amin Medal' is awarded to the topper in M.Sc.Analytcal Chemistry.

૨: સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટીવ કાઉન્સિલને વખતોવખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાને તેને અધિકાર રહેશે.

૩: ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪: ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત,જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહી.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

**ઠરાવ : ઉપરોકત શરતોને આધીન સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

**બા.ક્ર.૪** શ્રી કૌશિકભાઇ જૈન (સિન્ડીકેટ મેમ્બર ગુજરાત યુનિવર્સિટી) તરફથી આવેલ પત્ર (તા.૨૫-૬-૧૪)માં જણાવ્યા અનુસાર તેઓના માતુશ્રી તથા પિતાશ્રીના નામથી M Tech Network પરીક્ષામાં ચંદ્રક એનાયત કરવા આવેલ દરખાસ્તને નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે તેમજ ચાલુ વર્ષે આ ચંદ્રક એનાયત કરવા વધારાની રકમ રૂા.પાંચ હજાર પુરા આપવાની દરખાસ્ત મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

શરતો

૧: ગુજરાત યુનિવર્સિટી દ્રારા લેવામાં આવતી M Tech Network પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિધર્થીને ચંદ્રક એનાયત કરવો તેમજ ચંદ્રક ઉપર નીચે મુજબ નામ રાખવા

(૧)ભગવતીબેન સુખલાલ જૈન (૨)સુખલાલ પ્રાણસીંગ જૈન

૨: ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટીવ કાઉન્સિલને વખતો વખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અબાધિત અધિકાર રહેશે.

૩: ચંદ્રક વિજેતાનું નામ શકય હશે ત્યાં સુધી જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે તેમજ શકય હશે ત્યાં સુધી પદવીદાન વખતે એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪: ચંદ્રક વિજેતાની નાત, જાત, ધર્મ કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

**ઠરાવ : ઉપરોકત શરતોને આધીન સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

**બા.ક્ર.૫** ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ગજય-૧૨૧૪-૧૬૩-ખ તા.૧૭-૭-૨૦૧૪ના હુકમમાં ડૉ.એચ.સી.પટેલ, સહ પ્રાધ્યાપક વર્ગ-૧, એલ.ડી.કોલેજ ઓફ એન્જીનીયરીંગને, રજીસ્ટ્રારની નિયમિત નિમણૂંક ન થાય ત્યાં સુધી પ્રતિનિયુકિતના ધોરણે નિમણૂંક કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક:એકા-૧/૨૮૧૮૯/૨૦૧૪, તા.૧૭-૭-૨૦૧૪થી તેઓએ કુલસચિવશ્રીની જગ્યાનો ચાર્જ સંભાળેલ છે.

રજીસ્ટ્રારની ખાલી જગ્યાએ પ્રતિનિયુકિતના ધોરણેની નિયમિત નિમણૂંક ન થાય ત્યાં સુધીના સમય અંગે ચર્ચા-વિચારણા કરવા બાબત:

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે માન. ડૉ. એમ. એન. પટેલના કુલપતિશ્રી તરીકેના કાર્યકાળ સુધી ડૉ. એચ. સી. પટેલને રજીસ્ટ્રારની જગ્યા પર ચાલું રાખવા તથા તે મુજબ સરકારશ્રીને જાણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૬ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં પરીક્ષા નિયામકની ખાલી પડેલ જગ્યા ભરવા અંગે તા.૧૨-૬-૨૦૧૪ના રોજ આપેલી જાહેરાતના સંદર્ભમાં લાયકાત ધરાવતા ઉમેદવારોને તા.૧૪-૭-૨૦૧૪ના રોજ યોજાયેલ ઇન્ટરવ્યુ માટેની વરણી સમિતિની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

ઠરાવ : **ઉપરોકત વરણી સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવી અને તદ્નુસાર શ્રી શૈલેષ એ. પટેલની પરીક્ષા નિયામક તરીકે રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ + ગ્રેડ પે રૂ.૬૬૦૦/- ના પગારધોરણમાં શરૂઆતનો મૂળ પગાર રૂ.૧૫૬૦૦/- + ગ્રેડ પે રૂ.૬૬૦૦/- માં એક વર્ષના અજમાયશી ધોરણે નિમણુંક કરવાનું રાખવું.**

બા.ક્ર.૭ M.Sc.ના પી.જી.કેન્દ્રો પર લેવામાં આવતી પ્રાયોગીક ફી રૂા.૧૨૦૦/- (અંકે રૂપિયા બારસો)એ યુનિવર્સિટીમાં જમા કરવામાં આવે છે, ત્યારબાદ કોલેજોને બિલના આધારે ચૂકવવામાં આવે છે. તેના બદલે M.Sc.ના પી.જી.કેન્દ્રો પર લેવામાં આવતી પ્રાયોગીક ફી તેઓની પાસે જ રાખવાની મંજૂરી આપવા વિચારણા કરવા બાબત:

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત પ્રાયોગિક ફી એમ.એસસી.ના પી.જી. કેન્દ્રોને પોતાની પાસે રાખવા મંજુરી આપવાનું રાખવું.**

બા.ક્ર.૮ યુનિવર્સિટી દ્વારા શૈ.વર્ષ.૨૦૧૧-૧૨થી સ્નાતક કક્ષાએ સી.બી.સી.એસ.પધ્ધતિ અમલી બનાવવામાં આવેલ છે, સ્નાતક કક્ષાએ સોફટસ્કીલ અને ફાઉન્ડેશન કોર્ષ દાખલ કરવામાં આવેલ છે. આ કોર્ષના અભ્યાસક્રમ માટે વિધાર્થીઓ પાસેથી ફી લેવા માટે ચર્ચા વિચારણા બાબત.

(નોંધ: હાલમાં આ બાબતની કોઇ ફી લેવામાં આવતી નથી)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બન્ને કોર્ષના અભ્યાસક્રમ માટે વિધાર્થીઓ પાસેથી ચાલું શૈક્ષણિક વર્ષથી કોલેજને એક વિષયના સેમેસ્ટર દીઠ રૂ.૨૦૦/- ફી લેવાની મંજુરી આપવાનું રાખવું.**

બા.ક્ર.૯ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં આપેલ પ્રથમ વર્ષ બી.એસસી. સેમેસ્ટર-૧ના સ્વનિર્ભર વર્ગના અભ્યાસક્રમમાં કેન્દ્રીય પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કમિટીની તા.૧-૭-૨૦૧૪ મળેલ મીટીંગમાં સભ્યોએ નીચે મુજબની ફીની ભલામણ કરેલ છે. તેના પર વિચારણા કરવા બાબત.

| | સેમેસ્ટર-I | સેમેસ્ટર-II |
|---|---|---|
| ટયુશન ફી | ૭૫૦૦/- | ૭૫૦૦/- |
| લેબ.ફી | ૫૦૦૦/- | ૫૦૦૦/- |
| | ૧૨૫૦૦/- | ૧૨૫૦૦/- |

(નોંધ-તા.૧-૬-૨૦૧૪નાં રોજ મળેલ સિન્ડીકેટની સભાએ સ્વનિર્ભર વર્ગનું ધોરણ અને તેની સેમેસ્ટર દીઠ રૂા.૧૨૦૦૦/- લેવાનું ઠરાવેલ હતું.)

ઠરાવ: **શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫થી મંજુર કરવામાં આવેલા પ્રથમ વર્ષ બી.એસસી. સ્વનિર્ભર વર્ગના અભ્યાસક્રમ માટે ઉપરોકત કમીટીએ કરેલ ફીની ભલામણ પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે એક વર્ષની ટયુશન ફી રૂ.૭૫૦૦/- અને સેમેસ્ટર દીઠ લેબોરેટરી ફી રૂ.૫૦૦૦/- ફકત આ વર્ષ પુરતી લેવાનું રાખવું.**

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સ્વનિર્ભર વર્ગ મેળવનાર કોલેજના ગ્રાન્ટ-ઇન-એઇડ વર્ગમાં જગ્યા ખાલી હોય તો સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ મેળવનાર વિધ્યાર્થીઓને મેરીટ પ્રમાણે ગ્રાન્ટ-ઇન-એઇડ વર્ગમાં ખાલી જવ્યા પર તબદીલ કરવાનું રાખવું. આ અંગેની મોનીટરીંગ કમીટીપર નીચેના સભ્યશ્રીઓની નિમણુંક કરવાનું રાખવું.

(૧) ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ
(૨) ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ
(૩) પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ અને
(૪) શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ

આ ઉપરાંત ઠરાવવામાં આવ્યું કે ભવન્સ આર.એ. કોલેજ ઓફ સાયન્સ અને કે.કે.શાહ જરોદવાલા મણીનગર સાયન્સ કોલેજ ધ્વારા પ્રથમ વર્ષ બી.એસસી.ના ગ્રાન્ટ-ઇન-એઇડના વર્ગો બંધ કરવા અંગેની ચાલી રહેલ કોર્ટ કાર્યવાહીના ભાગરૂપે નામદાર હાઇકોર્ટે આપેલ સ્ટેની સામે અપીલમાં જવાનું રાખવું.

બા.ક્ર.૧૦ તા.૩૧-૭-૨૦૧૪ના રોજ મળેલ ફાયનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(ઉપરોકત સભાની ભલામણો **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ છે)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર.૧૧ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલના ચીફ વોર્ડનની ખાલી જગ્યા પર હાલ ડૉ.અમૃતભાઇ ભરવાડ, એસો.પ્રોફેસર, એજયુકેશન વિભાગ, ચીફ વોર્ડન તરીકે ફરજ બજાવે છે. તેઓએ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલના ચીફ વોર્ડન તરીકે યોગ્ય વ્યકિતને ચાર્જ આપવા કરેલ રજુઆત પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત:

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે નિર્ણય લેવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક્ર.૧૨ યુનિવર્સિટી તરફથી વિભાગોને અગાઉના વર્ષોની માફક આર્થિક સહાય અમદાવદ શહેર, એલીસબ્રીજ ઉત્તર અને એલિસબ્રીજ દક્ષિણ વિભાગ પ્રત્યેકને રૂા.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) આપવામાં આવે છે, તે વધારીને રૂા.૩,૨૫,૦૦૦/- (ત્રણલાખ પચ્ચીસ હજાર) તથા દક્ષિણ વિભાગ-૧ અને દક્ષિણ વિભાગ-૨ પ્રત્યેકને રૂા.૩,૫૦,૦૦૦/- (ત્રણ લાખ પચ્ચાસ હજાર) આપવામાં આવે છે તે વધારીને રૂા.૩,૭૫,૦૦૦/- (ત્રણ લાખ પંચોતેર હજાર) તથા આંતર વિભાગીય યુવા પસંદગી સ્પર્ધા માટે રૂા.૪,૨૫,૦૦૦/- (ચાર લાખ પચ્ચીસ હજાર) આપવામાં આવે છે, તે વધારીને રૂા.૪,૫૦,૦૦૦/- (ચાર લાખ પચ્ચાસ હજાર) આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી આર્થિક સહાયમાં ઉપર મુજબ વધારો કરવાનું રાખવું.**

બા.ક્ર.૧૩ યુનિવર્સિટી કાર્યાલય તેમજ વિવિધ વિધાભવનોમાં હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારિત વિવિધ જગ્યાઓ, આનુષાંગિક લાયકાતનાં ધોરણો તેમજ માસિક પગાર સામેલ પત્રક મુજબ ચર્ચા વિચારણા કરવા બાબત.

(કરારની શરતો આ સાથે પરિશિષ્ટ-૨ તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કરારની શરતો મુજબ યુનિવર્સિટી કાર્યાલય તેમજ વિવિધ વિધાભવનોમાં હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારિત વિવિધ જગ્યાઓ પર નિમણુંક કરવાનું રાખવું.**

બા.ક.૧૪ ડૉ.બી.એમ.બ્રહમભટ્ટ નિવૃત્ત ડાયરેકટર, એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી તરફથી તેમના કાર્યકાળ દરમ્યાન બાકી રહેલા ખર્ચના હિસાબો ઓડિટ કરવાની તેમની નૈતિક જવાબદારી સમજી હિસાબોનું કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી અથવા ત્રણ માસ માટે એક્ષટેન્શન આપવા બાબતે તેઓએ કરેલ અરજી સંદર્ભે તા.૧-૧૧-૧૩ થી ૩૧-૦૧-૧૪ સુધી ત્રણ માસ માટે એક્ષટેન્શન સમયનો પગાર ચૂકવવા કરેલ અરજીના સંદર્ભે ચર્ચા વિચારણા કરવા બાબત.

(**નોંધ:** એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક એડવાઇઝરી કમિટીની સભામાં ઠરાવ-૬થી આ અંગે એકિઝકયુટીવ કાઉન્સિલમાં નિર્ણય લેવા ઠરાવ થયેલ છે.)

(ઠરાવની નકલ આ સાથે **પરિશિષ્ટ-૩** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે એક્ષટેન્શન સમયનો પગાર ચુકવવા અંગે ડો. બી. એમ. બ્રહમભટ્ટે કરેલ અરજીનો અસ્વીકાર કરવો.**

**બા.ક.૧૫** ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૦૫/સીસી-૧૭૧/ખ, સચિવાલય, ગાંધીનગર તા.૧૯-૭-૨૦૧૪ અનુસાર રાજયની બિનસરકારી અનુદાનપાત્ર કોલેજો તથા યુનિવર્સિટીઓના સી.પી.એફ. યોજના હેઠળના કર્મચારીઓને ગ્રેજયુઇટીની રકમ મર્યાદા રૂા.૩,૫૦,૦૦૦/-થી વધારીને રૂા.૧૦,૦૦,૦૦૦/- કરવા તેમજ તેનો અમલ તા.૨૪-૫-૨૦૧૦ની અસરથી કરવા અંગે તેમજ વિચારણા કરવા બાબત.

(ઠરાવની નકલ આ સાથે **પરિશિષ્ટ-૪** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ઠરાવનો અમલ કરવાનું રાખવું.**

બા.ક.૧૬ યુનિવર્સિટીના સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન અને ફિલોસોફીમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવતાં પ્રો.વાય.એસ.શાસ્ત્રી વયનિવૃત્તિથી તા.૧૯-૧૨-૨૦૧૦ના રોજ નિવૃત થતાં હોવાથી કા.અધ્યક્ષ તરીકે સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન અને ફિલોસોફી સિનિયર મોસ્ટ પ્રો.શ્રી આર.એસ.પટેલ, એજયુકેશન વિભાગને ચાર્જ સોંપેલ જે યુનિવર્સિટી સ્ટેચ્યુટ ૨૦૩ મુજબ પ્રો.વાય.એસ.શાસ્ત્રી અધ્યક્ષશ્રી તા.૧૪-૬-૨૦૧૧ના રોજ સત્રાંતે નિવૃત થયેલ હોવાથી કાયમી અધ્યક્ષશ્રી તરીકેની નિમણૂંક પ્રો.આર.એસ.પટેલ, એજયુકેશન વિભાગને કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સ્કૂલ ઓફ સાયકોલોજી, એયજુકેશન અને ફિલોસોફીના કાયમી અધ્યક્ષ તરીકે એજયુકેશન વિભાગના પ્રો. આર. એસ. પટેલની નિમણુંક કરવાનું રાખવું.**

બા.ક.૧૭ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આચાર્ય એસોસિએશનની આવેલ રજૂઆતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ પરીક્ષાઓમાં પરીક્ષા કેન્દ્ર પર ચૂકવવામાં આવતા રેમ્યુનરેશન જેવા કે સિનીયર સુપરવાઇઝરશ્રી, જુનિ.સુપરવાઇઝર, ફેકટોટમ તેમજ અન્ય ચૂકવવામાં આવતા દરોને બદલે સ્ટુડન્ટ દીઠ રકમ ચૂકવવા અંગે તા.૯-૭-૨૦૧૪ના રોજ મળેલ સમિતિની સભામાં થયેલ ઠરાવો અંગે વિચારણા કરવા બાબત.

(તા.ક: તા.૯-૭-૨૦૧૪ના રોજ મળેલ સમિતિના ઠરાવો આ સાથે **પરિશિષ્ટ-૫** તરીકે સામેલ છે.)

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સમિતિની તા.૯/૭/૨૦૧૪નાં રોજ મળેલ સભામાં થયેલ ઠરાવો સ્વીકારવાનું રાખવું.**

બા.ક.૧૮ ગુજરાત યુનિવર્સિટીનાં વિવિધ વિધાભવનોમાં કાર્યરત શૈક્ષણિક સંવર્ગને કેરિયર એડવાન્સમેન્ટ માટેની સ્કીમ હેઠળ પ્રમોશનનાં લાભો આપવા ECના તા.૧૫-૧૨-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક-૨ (૭૪)થી UGC રેગ્યુલેશન ૨૦૧૦નો અમલ કરેલ છે. IQAC દ્વારા થયેલ રજુઆત મુજબ Amendment UGC Regulation Sept, 2013 લાગુ પાડવાનું બાબત ચર્ચા વિચારણા અર્થે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે Amendment UGC Regulation Sept, 2013 લાગુ પાડવાનું રાખવું.**

બા.ક્ર.૧૯ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની તમામ જગ્યાઓ (પ્રકાર)ની ચૂંટણીઓ Computerise પધ્ધતિથી યોજવા અંગે પ્રો.એ.કે.દેસાઇ તરફથી આવેલ પ્રપોઝલ, સૂચનો ઉપર જરૂરી કાર્યવાહી અંગે ચર્ચા-વિચારણા કરવા બાબત.

(નોંધ: દરખાસ્તની નકલ આ સાથે પરિશિષ્ટ-૬ તરીકે સામેલ છે.)

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.**

બા.ક્ર.૨૦ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટરનેશનલ કવોલીટી એસ્યોરન્સ સેલ (IQAC) દ્વારા તૈયાર કરવામાં આવેલ AQARS તથા Re-acreditation માટેનો RAR/SSRને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરનેશનલ કવોલીટી એસ્યોરન્સ સેલ (IQAS) દ્વારા તૈયાર કરવામાં આવેલ AQARS તથા Re-acreditation માટેનો RAR/SSRને મંજૂરી આપવાનું રાખવું.**

બા.ક્ર.૨૧ Panarama Television Pvt.Ltd.ના તા.૫-૮-૨૦૧૪ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(નોંધ: પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ-૭ તરીકે સામેલ છે.)

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે જાળવણી સહિત કોઇપણ પ્રકારનો ખર્ચ યુનિવર્સિટીના શીરે રહેશે નહીં તે શરતે Panarama Television Pvt.Ltd.ના તા.૫-૮-૨૦૧૪થી કરેલ દરખાસ્ત મંજુર કરવી.**

બા.ક્ર.૨૨ તા.૨૨-૮-૨૦૧૪ના રોજ મળનાર એકેડેમિક કાઉન્સિલની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૨૩ આગામી શૈ.વર્ષ.૨૦૧૫-૧૬ માટે નીડ કમિટીની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે નિર્ણય લેવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક્ર.૨૪ તા.૧૧-૮-૨૦૧૪ના રોજ મળેલ બાંધકામ સમિતિની ભલામણો પરત્વે ચર્ચા-વિચારણા કરવા બાબત.

(નોંધ-બાંધકામ સમિતિની તા.૧૧-૮-૨૦૧૪ની ભલામણો પરિશિષ્ટ-૮ તરીકે સામેલ છે.)

**ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક્ર.૨૫ ગુજરાત યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં યુનિવર્સિટી એન્જિનયર તરીકે ફરજ બજાવતાં શ્રી દર્શનસિંહ નટવરલાલ સોલંકીની તા.૧૧-૦૯-૨૦૧૩ના રોજ નિમણૂંક કરવામાં આવી હતી તેઓનો અજમાયશી સમય તા.૧૧-૦૯-૨૦૧૪ના રોજ પૂરો થનાર હોવાથી તેઓને કાયમી કરવા બાબત સંદર્ભે વિચારણા કરવા અંગે.

ઠરાવ : **એસ્ટેટ વિભાગમાં યુનિવર્સિટી એન્જિનીયર તરીકે ફરજ બજાવતાં શ્રી દર્શનસિંહ નટવરલાલ સોલંકીનો અજમાયશી સમય તા.૧૧-૦૯-૨૦૧૪ના રોજ પૂરો થનાર હોવાથી તેઓને કાયમી કરવા બાબતનો**

**ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવ્યો, જે પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી દર્શનસિંહ સોલંકીનો અજમાયશી સમય વધુ ત્રણ માસ માટે લંબાવવાનું રાખવું.**

બા.ક્ર.૨૬ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી તમામ એક્સ્ટર્નલ પરીક્ષાઓના આવેદનપત્રો તથા ફી ભારતીય પોસ્ટ વિભાગ મારફતે સ્વીકારવા અંગે મળેલ દરખાસ્ત સંદર્ભમાં વિદ્યાર્થી દીઠ રૂા.૩૦/-ના દરે પોસ્ટ વિભાગને સોંપવા વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ પરીક્ષાઓના આવેદનપત્રો તથા ફી વિધાર્થી દીઠ રૂા.૩૦/-ના દરે સ્વીકારવા માટેની પોસ્ટ વિભાગ તરફથી મળેલ દરખાસ્ત સ્વીકારવી.**

બા.ક્ર.૨૭ ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧નો અમલ યુનિવર્સિટીમાં લાગુ પાડવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧નો અમલ યુનિવર્સિટીમાં (સંલગ્ન કોલેજો સિવાય) કરવાનું રાખવું.**

બા.ક્ર.૨૮ સેક્રેટરી (GUTA)ના તા.૧૩-૮-૧૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોના વિવિધ વિભાગોના વર્ગ ખંડોમાં અને અધ્યાપકોના રૂમમાં તેમજ યુનિવર્સિટી કાર્યાલયના તમામ અધિકારીઓની ચેમ્બરમાં સી.સી.ટી.વી. કેમેરા મુકવાનું રાખવું.**

બા.ક્ર.૨૯ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિદ્યાભવનોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોને **સેલ્ફ ફાયનાન્સ કોર્સને** બદલે **હાયર પેમેન્ટ અભ્યાસક્રમો** તરીકે નવુ નામાભિધાન કરવા તેમજ આ અભ્યાસક્રમોને ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકે માન્યતા અપાવવામાં રાજ્ય સરકારમાં દરખાસ્ત મોકલી યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિદ્યાભવનોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોને "સેલ્ફ ફાયનાન્સ કોર્સ"ને બદલે "હાયર પેમેન્ટ અભ્યાસક્રમા" તરીકે નવુ નામાભિધાન આપવાનું રાખવું તેમજ આ અભ્યાસક્રમોને ગ્રાન્ટ-ઇન-એઇડ તરીકે માન્યતા આપવા માટે રાજ્ય સરકારમાં દરખાસ્ત મોકલી યોગ્ય જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.**

બા.ક્ર.૩૦ ગુજરાત યુનિવર્સિટી ખાતે આગામી NAAC માટેની તૈયારીના ભાગરૂપે જરૂરી ભૌતિક સગવડો અને ખર્ચની ફાળવણી કરવા માટે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે નિર્ણય લેવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક્ર.૩૧ અમદાવાદ ગાંધીનગર વિસ્તારમાં નામાંકિત ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓનું એક ગ્રુપ (Cluster)ની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.
(નોંધ-તા.૧૫-૩-૨૦૧૪ના રોજ મળેલ સભામાં IIMA, ATIRA, CEPT, PRL, AHMEDABAD UNI. અને ADANI INSTITUTEના પ્રતિનિધિ હાજર રહેલ હતાં.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ગ્રુપની રચનામાં ગુજરાત યુનિવર્સિટીએ જોડાવાનું રાખવું નહીં.**

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેના મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા હતા :

(૧) સરકારશ્રીના પરિપત્રને ધ્યાનમાં રાખીને હાલ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારીઓને તાત્કાલિક અસરથી છુટા કરવાની રજુઆત થયેલ.

(૨) સરકારશ્રીના ઠરાવ અનુસાર યુનિવર્સિટીનાં જે કર્મચારીઓની ૫૮ વર્ષની વયમર્યાદા થઇ ગઇ હોય અને છતાં જે તે જગ્યાના પગારધોરણમાં નોકરીમાં હાલ ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને નિયમાનુસાર તાત્કાલિક અસરથી છુટા કરવાની રજુઆત થયેલ.

(૩) માન. કુલપતિશ્રીની ચેમ્બરમાં ટેલીવીઝન સેટ ગોઠવવાની વ્યવસ્થા તાકિદે કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) યુનિવર્સિટી ખાતેના પરીક્ષા ભવનમાં એસેસમેન્ટની કામગીરી કરતાં અધ્યાપકોને એરકન્ડીશનની સુવિધા આપવાનું રાખવું. વધુમાં અધ્યાપકોએ મુલ્યાંકનની કામગીરી ફરજીયાત કરવાનું રાખવા તેમજ આ કામગીરી પેટે તેમને ચુકવવાનું થતું મહેનતાણું સમયસર ચુકવવાનું ઠરાવવામાં આવ્યું.

(૫) શૈક્ષણિક વર્ષ ૨૦૧૩માં યુનિવર્સિટી સાથે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત શરૂ કરવામાં આવેલા અભ્યાસક્રમો બંધ કરવામાં આવ્યા હોઇ, સદરહુ એમ.ઓ.યુ. અંતર્ગત જો I-Nurture સંસ્થા ધ્વારા નવા એડમીશન માટે વર્તમાનપત્રમાં જાહેરખબર આપવામાં આવી હોય તો તે બાબતે તપાસ કરવાનું રાખવું અને જરૂર જણાય તો તે અંગે સંસ્થાનો ખુલાસો પુછવાનું રાખવું. જો આ વર્ષે એડમીશન આપેલ હોય તો તેની ૧૦૦% ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડો. એચ. સી. પટેલ
કુલસચિવ

નં: એકેડેમિક/૨૩૦૮/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯. ~~તા.૨૨-૦૮-૨૦૧૪~~
તા. ૧૮/૯/૨૦૧૪

ઇ.સી.તા-૨૨-૮-૨૦૧૪
બાબત ક્રમાંક-૧૦-
(પરિશિષ્ટ-૧)

ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧/૮/૨૦૧૪

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૩૧-૭-૧૪ને ગુરુવારના રોજ ૪-૩૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી ડો.એમ એન પટેલસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.એમ.એન.પટેલ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | હાજર |
| ૩) | ડો.જશવંતભાઇ ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૪) | ડો.ધવલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૨૯-૫-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૨૯-૫-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) કેમેસ્ટ્રી વિભાગના પ્રો.હરજીન્દર કૌરને DST પ્રોજેકટની ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Gas addition Kit રૂ.૯,૬૪,૧૨૫/-ના ખર્ચે અને rotary evaporator રૂ૨,૫૧,૮૪૫/-ના ખર્ચે ખરીદવા મંગાવેલ અને આવેલ ભાવો પર વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજે રૂ.૧૨,૧૬,૦૦૦/-નો ખર્ચ થશે. આ અંગેનું ભાવોનું તુલનાત્મક તારણ <u>પરિશીષ્ટ-૧</u> તરીકે સામેલ છે. આ અંગે રૂ.૧૨-૯૦ની ગ્રાન્ટ મંજુર થયેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે કેમેસ્ટ્રી વિભાગના પ્રો.હરજીન્દર કૌરને DST પ્રોજેકટની ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Gas addition Kit Microware મશીન માટે E-Tender ધ્વારા ભાવ મેળવવાનું રાખવું અને rotary evaporator રૂ૨,૫૧,૮૪૫/-ના ખર્ચે ખરીદવા માટે વિભાગના વડાશ્રીએ કરેલ ભલામણ મુજબ ભાવોના તુલનાત્મક તારણમાં સૌથી ઓછો ભાવ દર્શાવેલ વેપારી પાસેથી ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૨,૫૧,૮૪૫/-નો ખર્ચ મંજુર કરવાનું રાખવુ.વધુમાં ઠરાવવામાં આવ્યુ કે હવે પછી કોઇપણ ખરીદી અને કામના વર્કઓર્ડર કે જેની કિમંત રૂ.૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ પુરા) કે તેથી વધુ રકમની હોય ત્યારે તે માટે E-Tender ધ્વારા ભાવ મંગાવવાનું રાખવું. E-Tender સિવયા મંગાવેલા ભાવો ઉપર કોઇપણ પ્રકિયા કરવાનું રાખવું નહી.

૩) ઝૂલોજી વિભાગના પ્રો.એલ બી જયોર્જના GSBTM પ્રોજેકટની નોન રીકરીંટ ગ્રાન્ટ હેઠળ UV VIS Speetrophotometer with PC and Printer ખરીદવા મંગાવેલ અને આવેલ ભાવો પર વિચારણા કરવા બાબત. આ અંગે રૂ.૩,૬૦,૦૦૦/-ની ગ્રાન્ટ મંજુર થયેલ છે. આ અંગે ભાવોનું તુલનાત્મક તારણ <u>પરિશીષ્ટ-૨</u> તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના પ્રો.એલ બી જયોર્જના GSBTM પ્રોજેકટની નોન રીકરીંટ ગ્રાન્ટ હેઠળ UV VIS Speetrophotometer રૂ.૩,૦૦,૦૦૦/-ના ખર્ચે વિભાગના વડાશ્રીએ કરેલ ભલામણ મુજબ ભાવોના તુલનાત્મક તારણમાં વિભાગે નકકી કરેલા ધોરણો મુજબમાં સૌથી ઓછો ભાવ દર્શાવેલ વેપારી પાસેથી ખરીદવાનું રાખવું તથા PC and Printer DGS&Dના રેટ કોન્ટ્રાકટ મુજબ ખરીદવાનું રાખવુ.

૨/-

૪) યુનિ.પ્રેસમાં ૨૪ પેજ મુખ્ય ઉત્તરવહી પુરી પાડતા ક્રિસ્ટલ ફોર્મસ લિ.ને નિયત સમયગાળામાં ઓર્ડર મુજબની ઉતરવહીઓ પુરી પાડવામાં ૯૦ દિવસના વિલંબને કારણે શરતનં.૧૧ મુજબ રૂ.૪,૫૦,૦૦૦/- દંડ વસુલ કરવામાં આવેલ હતો. ક્રિસ્ટલ ફોર્મસ લિ.ના તા.૬-૫-૧૪ના પત્ર ધ્વારા દંડમાં છુટછાટ કરવા જણાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત. આ સાથે તા.૬-૫-૧૪ના પત્ર <u>પરિશીષ્ટ-૩</u> તરીકે સામેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ.પ્રેસમાં ૨૪ પેજ મુખ્ય ઉત્તરવહી પુરી પાડતા ક્રિસ્ટલ ફોર્મસ લિને નિયત સમયગાળામાં ઓર્ડર મુજબની ઉતરવહીઓ પુરી પાડવામાં ૯૦ દિવસના વિલંબને કારણે શરતનં.૧૧ મુજબ રૂ.૪,૫૦,૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તે અંગે વેપારીના તા.૬-૫-૧૪ના દંડ માફ કરવાના આવેલ પત્રના સંદર્ભમાં લંબાણ પૂર્વક ચર્ચાવિચારણાને અંતે તેમની પચાસ ટકા દંડની રકમ માફ કરવાનું રાખવું.

૫) ગુજરાત યુનિ.માં એમ.એડપ્રવેશ-૨૦૧૪ કેન્દ્રીય પધ્ધતિ ઓન લાઇન એડમિશનની કાર્યવાહી કરવા માટે મંગાવેલ અને આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. આ અંગેનું તુલનાત્મક તારણ <u>પરિશીષ્ટ-૪</u> તરીકે સામેલ છે.

